**લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત અંગે.**

વંચાણે:- ૧. સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ નાં તા:૨૬.૧૨.૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: **KHR/ 2014 /188 /LVD /10 /2013 /575849/M(2)** અનુસાર લઘુત્તમ વેતનનો એનેક્ષર(અનુસુચિ)મુજબ.જેમા ઉલ્લેખ કરવામાં આવેલ મુજબ ૦૧ એપ્રીલ અને ૦૧ ઓકટોમ્બર એ ખાસ ભથ્થુ મળવાપાત્ર થશે.

૨ નાયબશ્રમ આયુકત અને લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ અન્વયેના સક્ષમ અધિકારી,ગાંધીનગર શ્રમઆયુકતની કચેરી,ગુજરાત રાજય,**ISO9001,2015** ઉધોગ ભવન,બ્લોકનં.૧૧,૧૨ અને ૧૪ બીજોમા, સેકટર ૧૧,ગાંધીનગર,તા:૦૮/૦૪/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક: શ્ર.આ.૬ /ટ-૨/૫૧૪ થી ૫૩૫/૨૦૨૧.

## :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્રના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.કે વંચાણે લીધેલ:૧:મુજબ ૦૧ એપ્રીલ એ ખાસ ભથ્થા મળવાપાત્ર થાય છે જે **વંચાણે લીધેલ:૨** ના પરિપત્રમાં જણાવ્યા મુજબ તા:૧.૦૪.૨૦૨૧ થી તા:૩૦.૦૯.૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન ના ખાસ ભથ્થાના દૈનિક દર માં **રૂા.૧૬.૦૦**નો વધારો થયેલ છે.

આથી નિયત કરેલ મુળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારીત આપવામાંઆવતુ ખાસ ભથ્થા શ્રમયોગીઓ ને તા:૧.૦૪.૨૦૨૧ થી તા:૩૦.૦૯.૨૦૨૧ સુધીના ૬(છ) માસના સમય માટે **દૈનિક રૂા.૭૨.૨૦પૈસા (અંકે રૂપિયા બોત્તેર અને વીસ પૈસા પૂરા) ચુકવવાના રહેશે**.

| ક્રમ | કામદારોના વર્ગો. | દૈનિક લઘુત્તમ વેતન દર. | |
|---|---|---|---|
| | | **ઝોન-૧** | **ઝોન-૨** |
| **૧** | **કુશળ** | **૨૯૩** | **૨૮૪** |
| **૨** | **અર્ધકુશળ** | **૨૮૪** | **૨૭૬** |
| **૩** | **બિન કુશળ** | **૨૭૬** | **૨૬૮** |

**ઝોન-૧**:-ગુજરાત રાજયમાં,ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોર્પોરેશનની હદો ની અંદર ના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલીકા અધિનિયમ,૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સત્તામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

**ઝોન-૨**:-માં ઝોન-૧માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

મુળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારીત આપવામાંઆવતુ ખાસ ભથ્થા

| ક્રમ. | તારીખ થી તારીખ | **વધારો** | **ઘટાડો** | **આપવા પાત્ર કુલ ભથ્થા** |
|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૪-૨૦૧૮ થી ૩૦-૦૯-૨૦૧૮ | ૦૬.૬૦ | ------- | ૩૬.૨૦ |
| ૨ | ૦૧-૧૦-૨૦૧૮થી ૩૧-૦૩-૨૦૧૯ | -------- | -------- | ૩૬.૨૦ |
| ૩ | ૦૧-૦૪-૨૦૧૯ થી ૩૦-૦૯-૨૦૧૯ | ૦૩.૭૦ | -------- | ૩૯.૯૦ |
| ૪ | ૦૧-૧૦-૨૦૧૯ થી ૩૧-૦૩-૨૦૨૦ | ૦૨.૫૦ | -------- | ૪૨.૪૦ |
| ૫ | ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૦-૦૯-૨૦૨૦ | ૧૪.૧૦ | -------- | ૫૬.૫૦ |
| ૬ | ૦૧-૧૦-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | ------ | ૦૦.૩૦ | ૫૬.૨૦ |
| ૭ | ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૦-૦૯-૨૦૨૧ | ૧૬.૦૦ | ------ | ૭૨.૨૦ |

**પ્રસ્તુત આદેશ ફાઇલ નોંધ પર મા.કુલપતિશ્રી ની મંજુરી મેળવી પરિપત્ર બહાર પાડવામાં આવે છે.**

**જા.નં.નકયુ./રજી/અ.૩.૧/૪૦૨૧-૭૦/૨૦૨૧.**
**નવસારી. તારીખ:૨૭/૦૪/૨૦૨૧.**

ઈ/ચા.**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ની તમામ કચેરી /યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.વધુમાં જણાવવાનું કે ઉપરોકત દર સિકયુરીટી ગાર્ડ ને પણ લાગુ પડશે. જે જાણ સારૂ.

*D:\J.L.AHIR\A.3.1\MANJURI-21.22\H.V.Pandiya..21.22.docx*